# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 18-09-2024 Midday : 1.20 to 1.30

Day : Wednesday National News

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ત્રણ દિવસ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઝારખંડના પ્રવાસે
- ગાંધીનગર ખાતે પુનઃ પ્રાપ્ય ઊર્જા રોકાણ-રિ-ઇન્વેસ્ટ સંમેલનના વિદાય સત્રમાં ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડનું સંબોધન
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 21થી 23 સપ્ટેમ્બરે અમેરિકા પ્રવાસે – ચોથા ક્વાડ સંમેલનમાં ઉપસ્થિત રહેશે
- જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે 24 બેઠક પર 11 વાગ્યા સુધીમાં સરેરાશ 26.72 ટકા મતદાન
- મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં આજે ભારેથી અતિભારે વરસાદની આગાહી

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## MORN.PRESIDENT VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઝારખંડની ત્રણ રાજ્યોની મુલાકાતે જશે. તેઓ આજે જયપુરમાં માલવિયા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નૉલોજી (MNIT)ના પદવીદાન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે

અને સંબોધન કરશે. આ કાર્યક્રમમાં રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ કિસનરાવ બાગડે અને મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ હાજરી આપશે.

આવતીકાલે, રાષ્ટ્રપતિ મધ્યપ્રદેશની મુલાકાતે છે. જ્યાં તેઓ સફાઈ મિત્ર સંમેલનને સંબોધિત કરશે. ઉપરાંત ઉજ્જૈન ખાતે ઈન્દોર-ઉજ્જૈન સિક્સ લેન રોડ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. તેઓ ઈન્દોર ખાતે દેવી અહિલ્યા યુનિવર્સિટીના 14મા દીક્ષાંત સમારોહમાં પણ હાજરી આપશે.

શુક્રવારે, રાષ્ટ્રપતિ મુર્મુ ઝારખંડમાં ICAR-નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સેકન્ડરી એગ્રીકલ્ચર રાંચીના શતાબ્દી મહોત્સવ પ્રસંગે સંબોધન કરશે.

# VP GANHDINAGAR

આજે ગાંધીનગરમાં પુનઃ પ્રાપ્ય ઊર્જા રોકાણ સંમેલનના સમાપન સત્રમાં ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ ઉપસ્થિત રહ્યા હતા. આ અગાઉ શ્રી ધનખડે પ્રદર્શનની મુલાકાત લીધી હતી. અને મહાત્મા મંદિર પરિસર ખાતે એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષારોપણ પણ કર્યું હતું.

# MORN.PM US VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 21થી 23 સપ્ટેમ્બરે અમેરિકાની મુલાકાતે છે. દરમિયાન તેઓ 21 સપ્ટેમ્બરે વિલમિન્ગ્ટૉનમાં યોજનારા ચોથા ક્વાડ સંમેલનમાં ઉપસ્થિત રહેશે. અમેરિકાની અપીલને પગલે ભારત 2025માં આ સંમેલનની મેજબાની કરશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે સંમેલનમાં નેતાઓ છેલ્લા એક વર્ષમાં ક્વાડ દ્વારા હાંસલ કરેલી પ્રગતિની સમીક્ષા કરશે. તેઓ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના દેશોને તેમના વિકાસ લક્ષ્યો અને આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં મદદ કરવા માટે આગામી વર્ષનો ઉદ્દેશ્ય નક્કી કરશે.

શ્રી મોદી 23મી સપ્ટેમ્બરે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રની 'સમિટ ઓફ ધ ફ્યુચર'ને સંબોધિત કરશે. ‘બહેતર આવતીકાલ માટે બહુપક્ષીય ઉકેલો’ વિષય વસ્તુ

સાથે આયોજીત આ સંમેલનમાં મોટી સંખ્યામાં વૈશ્વિક નેતાઓ ભાગ લે તેવી શક્યતા છે. શિખર સંમેલનની સાથે પ્રધાનમંત્રી મોદી વિશ્વના વિવિધ નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો પણ કરશે અને પરસ્પર હિતોના મુદ્દાઓ પર ચર્ચા કરશે.

પ્રધાનમંત્રી ન્યૂયોર્કમાં ભારતીય સમુદાયનના લોકો સાથે સંવાદ કરશે. ઉપરાંત AI, ક્વૉન્ટમ કમ્પ્યૂટિંગ, સેમિકન્ડક્ટર્સ અને બાયોટેક્નૉલૉજીના અત્યાધુનિક ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવા માટે અમેરિકાની જાણીતી કંપનીઓને સીઈઓ સાથે પણ વાતચીત કરશે.

# DAYS-INFRA WITH VC

કેન્દ્રની મોદી સરકારે ત્રીજી વખત સત્તામાં આવ્યા બાદ પ્રથમ 100 દિવસ પૂર્ણ કર્યા છે. આ સમયગાળા દરમિયાન સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ખેડૂતો, મધ્યમ વર્ગ, મહિલાઓ અને યુવાનો પર ધ્યાન કેન્દ્રિત કરીને 15 લાખકરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ લોન્ચ કર્યા. જોડાણ અને વિકાસમાં સુધારો કરવાના હેતુથી સરકાર દ્વારા વિવિધ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવા સાથે, સમગ્ર દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી રહી છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે વિકસીત ભારતનો માર્ગ મોકળો કરતા, મોદી સરકારે છેલ્લા 100 દિવસમાં 3 લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટને મંજૂરી આપી છે, જેમાં સુધારેલા રસ્તાઓ, રેલ્વે, બંદરો અને હવાઈ માર્ગો દ્વારા જોડાણો વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

ચાવીરૂપ પહેલો પૈકી, ઉચ્ચ-પ્રદર્શન બાયો-મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે, સરકારે BIO E3 નીતિ રજૂ કરી છે, જેનો ઉદ્દેશ્ય આર્થિક લાભો પહોંચાડવા, પર્યાવરણીય સ્થિરતાને ટેકો આપવા અને નોકરીઓનું સર્જન કરવાનો છે. મુદ્રા લોન મર્યાદા 10 લાખથી વધારીને 20લાખ રૂપિયા કરવામાં આવી હોવાથી નાના ઉદ્યોગોને સશક્ત બનાવવામાં આવ્યા છે,

# J&K:VOTING

જમ્મૂ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રથમ તબક્કામાં 24 બેઠકો માટે શાંતિપૂર્ણ રીતે મતદાન ચાલી રહ્યું છે. બપોરે 11 વાગ્યા સુધીમાં સરેરાશ 26.72 ટકા મતદાન નોંધાયું છે. મતદાનને પગલે સાત જિલ્લાઓમાં ચાંપતો બંદબસ્ત ગોઠવાયો છે. સૌથી વધુ મતદાન કિશ્તવાડમાં 32.69 ટકા નોંધાયું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે જમ્મૂ કાશ્મીરના લોકોને મોટી સંખ્યામાં બહાર નીકળીને મતદાન કરવા માટે અપીલ કરી હતી.

# SC CBI

સર્વોચ્ચ અદાલતમાં આર.જી. કર કેસની સુનાવણીના ગણતરીના કલાકોમાં કેન્દ્રીય તપાસ સંસ્થા – સીબીઆઈની પાંચ સભ્યોની ટીમ મંગળવારે રાતે પીડિતાના સોદપુર સ્થિત ઘરે પહોંચી હતી અને પરિવારજનોની પૂછપરછ કરી હતી. સીબીઆઈએ આ કેસ હાથમાં લીધો ત્યારે પીડિતાના માતા-પિતાએ તપાસ એજન્સીને એક પત્ર લખ્યો હતો.

આ પત્રના આધારે સીબીઆઈએ તેમની પૂછપરછ કરી હતી. પીડિતાના માતા-પિતાએ અગાઉ પુરાવાઓ સાથે ચેડા થયાનો આરોપ મૂક્યો હતો. આથી સીબીઆઈ આ દિશામાં તપાસ કરી રહી છે. સર્વોચ્ચ આદાલતની સુનાવણી બાદ પીડિતાના માતા-પિતાએ સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે પુરાવાઓ સાથે ચેડાં કરનારા લોકો સામે પગલાં લવાની માગ કરી હતી.

# **MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અન રાજસ્થાનમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. ઉપરાંત હરિયાણા, ચંદીગઢત, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરાઅને આંદમાન નિકોબાર ટાપુ પર ભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે ઉત્તર પ્રદેશ અને તેની આસપાસના વિસ્તારોમાં 60 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ફૂંકાતા પવનો આજ સાંજ સુધી નબળા પડશે.

# UP FLOOD WITH V/C

ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ અને ડેમમાંથી નદીઓમાં સતત પાણી છોડવાના કારણે રાજ્યના 24 જિલ્લાઓમાં રહેતા પાંચ લાખથી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા છે.

અમારા સંવાદદાતા જણાવે છે કેરાજ્યનો લગભગ ત્રીજા ભાગનો વિસ્તાર પૂરગ્રસ્ત છે. ઘણા જિલ્લાઓમાં ગંગા અને ઘાગરા નદીઓ બેકાંઠે વહી રહી છે. વારાણસી અને પ્રયાગરાજમાં હજારો પરિવારોએ રાહત શિબિરોમાં આશ્રય લીધો છે અને પ્રશાસન તેમને તમામ પ્રકારની મદદ કરી રહ્યું છે. પ્રયાગરાજમાં સોથી વધુ ગામો પૂરથી પ્રભાવિત છે અને પૂરની સ્થિતિને કારણે આજે શાળાઓ બંધ રહેશે.

વારાણસીમાં પણ તમામ મુખ્ય ઘાટ પાણીમાં ડૂબી ગયા છે અને હાલમાં નદીમાં નૌકાવિહાર પર પ્રતિબંધ છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં NDRF, SDRF અને PACની 78 જેટલી ટીમો તૈનાત કરવામાં આવી છે.

# INDIA-US INTER-SESSIONAL MEETING

ભારત અને અમેરિકાએ સંરક્ષણ, ટેકનોલોજી, અવકાશ સહયોગ, સ્વચ્છ ઉર્જા અને દરિયાઈ ક્ષેત્રની જાગૃતિ સહિત દ્વિપક્ષીય સહયોગમાં પ્રગતિની સમીક્ષા

કરી. બંને પક્ષોએ સોમવારે નવી દિલ્હીમાં યોજાયેલી ટુ પ્લસ ટુ આંતર-સત્રીય દ્વિપક્ષીય બેઠક દરમિયાન થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી.

વિદેશ મંત્રાલયે કહ્યું કે આ બેઠક દરમિયાન વ્યાપક પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર મૂલ્યાંકનની આપ-લે કરવાની તક પણ મળી હતી. આ બેઠકમાં, ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ સંયુક્ત સચિવ નાગરાજ નાયડુ અને આંતરરાષ્ટ્રીય સહકારના સંયુક્ત સચિવ વિશેષ નેગીએ કર્યું હતું.

## PURI-BAMBOO STOCK

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ આજે જણાવ્યું છે કે દેશના ઉત્તર-પૂર્વ ભાગમાં લગભગ સાડા 5 કરોડ ટન વાંસ છે, જે દેશના કુલ સંસાધનોના 66 ટકા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રીપુરીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલ રાષ્ટ્રીય વાંસ મિશન ખેડૂતોની આવકમાં વધારો કરે છે.

આ સાથે, આ મિશન આબોહવા પરિવર્તન સામે લડે છે અને બાયો-ઈથેનોલને પણ પ્રોત્સાહન આપે છે. તેમણે માહિતી આપી કે ભારતની પ્રથમ 2-G ઇથેનોલ બાયો-રિફાઇનરી, નુમાલીગઢ રિફાઇનરી, વાંસમાંથી ઇથેનોલ બનાવવા માટે આસામમાં સ્થાપિત કરવામાં આવી છે. તેનાથી સ્થાનિક ખેડૂતો અને અર્થતંત્રને મદદ મળશે.

## MORN. CENTRE- EDIBLE OIL

કેન્દ્રએ ખાદ્ય તેલના મોટા સંગઠનોને વર્તમાન શૂન્ય અને 12.5 ટકા જકાત પર પુરવઠો ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી આયાતી તેલના છૂટક ભાવમાં વધારો ન કરવા જણાવ્યું છે. ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના સચિવ સંજીવ ચોપરાએ ગઈકાલે નવી દિલ્હીમાં ભાવ વ્યૂહરચના અંગે વિવિધ તેલ ઉત્પાદક સંગઠનોના પ્રતિનિધિઓની બેઠકની અધ્યક્ષતા કરી હતી.

તાજેતરમાં, સરકારે સ્થાનિક તેલીબિયાં ઉત્પાદકોને મદદ કરવા માટે વિવિધ ખાદ્ય તેલ પરની મૂળભૂત જકાતમાં વધારો કર્યો હતો. 14 સપ્ટેમ્બરથી સોયાબીન, પામ અને સૂર્યમુખી તેલ પર શૂન્યથી વધારીને વીસ ટકા કરવામાં આવ્યો હતો. આ કારણે ક્રૂડઓઈલ પર વાસ્તવિક જકાત સાડા 27 ટકા થઈ ગઈ છે.

આ સિવાય રિફાઈન્ડ પામ, સનફ્લાવર અને સોયાબીન ઓઈલ પરની મૂળભૂત જકાત 12.5 ટકાથી વધારીને 32.5 ટકા જ્યારે રિફાઈન્ડ તેલ પર વાસ્તવિક જકાત 35. 5 ટકા થઈ ગઈ છે.

# LEBONAN ATTACK

લેબનાનમાં ગઈકાલે થયેલા પેજર વિસ્ફોટો બાદ ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ અને સંરક્ષણ મંત્રી યોઆવ ગેલેંટે તેલઅવીવમાં હકીરિયા સૈન્ય છાવણી ખાતે સુરક્ષા સ્થિતીની સમીક્ષા કરી હતી. આ તરફ હિજબુલ્લાહે આ હુમલાઓ માટે ઇઝરાયેલને જવાબદાર ઠેરવ્યું છે અને તેનો બદલો લેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

જોકે ઇઝરાયેલે હજી સુધી આ વિસ્ફોટોની જવાબદારી સ્વીકારી નથી. લેબનાનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે ગઈકાલે થયેલા વિસ્ફોટોમાં 8 લોકોના મોત થયા છે, જ્યારે બે હજારથી વધુ લોકોને ઈજા થવા પામી હતી. તેમાં હિજબુલ્લાહના સભ્યો પણ સામેલ છે.

ઇરાની મીડિયા અનુસાર લેબનાનમાં ઇરાનના રાજદૂત મુઝતબા અમાની પણ ઈજાગ્રસ્ત થયા હતા. જવાબી કાર્યવાહીની આશંકાને જોતા ઉત્તરી ઇઝરાયેલમાં લોકોને સતર્ક રહેવા અને સુરક્ષિત સ્થાનો પર રહેવા માટે કહેવાયું છે.